જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૧૦/૨૦૨૫ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૦૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૧૩૨ લીટર દેશી દારૂ અને ૦૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૬,૮૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૦૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૫૦૩/૨૦૨૫**

નવરંગપુરાઃ સન્ની સુરેશકુમાર દેવનાની (રહે. વિજય વિલા, કમલા સોસાયટી, સરદાર પટેલ સ્ટેડીયમ સામે નવરંગપુરા) એ તા.૨૪/૧૦/૨૦૨૫ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧૦/૨૦૨૫ સવારના ૧૦/૦૦ થી તા.૨૪/૧૦/૨૦૨૫ બપોરના ૦૪/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના ધાબા ઉપર લાકડાનો દરવાજો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના કિમત રૂપિયા ૯,૮૭,૫૦૦/– તેમજ રોકડ રૂપિયા ૫,૦૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧૪,૮૭,૫૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.એ.ગઢવી ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૫૦૪/૨૦૨૫**

મણીનગરઃ શુષાંતો દેબકુમાર કોલે (ઉ.વ.૩૫) (રહે. સુનિતી એપાર્ટમેન્ટ દક્ષીણી સોસાયટી પાસે મણીનગર) તા.૨૩/૧૦/૨૦૨૫ રાતના ૦૧/૦૦ થી ૦૧/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન શટલ ઓટો રિક્ષામાં બેસી પસાર થઈ રહ્યા હતા દરમ્યાન રિક્ષા ચાલકે રિક્ષા મણીનગર રેલવે ક્રોસીંગથી દક્ષીણી તરફ જવાના રોડ તરફ જલારામ ખમણથી અંડરબ્રીજ તરફ હંકારતા શુષાંતો દેબકુમાર કોલે એ રીક્ષા ઉભી રાખવા જણાવતા અંડરબ્રીજમાં જતા પહેલા રીક્ષા ઉભી રાખતા શુષાંતો દેબકુમાર કોલે રિક્ષામાંથી નીચે ઉતરી ગયેલ અને રીક્ષાચાલક ભાડું લીધા વગર ત્યાથી રિક્ષા લઈ નિકળી ગયો હતો. દરમ્યાન શુષાંતો દેબકુમાર કોલેએ પહેરેલ પેન્ટના ખિસામાં પાકીટ તપાસ કરતા ખિસામાં પાકીટ જણાયેલ નહી, જે પાકીટ રિક્ષા ચાલકની મદદગારીથી રિક્ષામાં બેઠેલ પુરૂષે પાકીટ ચોરી કરી લીધું હતું. પાકીટમાં જરૂરી દસ્તાવેજ અને રોકડ રૂપિયા ૯,૫૦૦/– હતા. આ અંગેની ફરીયાદ શુષાંતો દેબકુમાર કોલે એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.આઈ.પટેલ ચલાવે છે.

સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ– **સમાચાર ચાદી નં.૧૫૦૫/૨૦૨૫**

પાલડીઃ ઉનીતાબહેન વા/ઓ રમેશભાઈ શાહ (ઉ.વ.૭૨) (રહે. પરીત્યાગ સોસાયટી વિતરાગ ફ્લેટની બાજુમાં પી.ટી.કોલેજ રોડ પાલડી) તા.૨૪/૧૦/૨૦૨૫ સાંજના ૦૭/૩૦ વાગ્યાના સુમારે પાલડી પી.ટી.કોલેજ રોડ સ્વેત શિખર સોસાયટીના ગેટ આગળથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક ટુ વ્હીલર ઉપર આવેલ બે પુરૂષ ઉનીતાબહેન શાહના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/– ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ઉનીતાબહેન શાહ એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એમ.ક્રિશ્ચયન ચલાવે છે.

શાહીબાગઃ મંજુલાબહેન વા/ઓ રમેશકુમાર શાહ (ઉ.વ.૭૦) (રહે. સુવાસ એવન્યુ સેકન્ડ ફલોર ઉન્નતિ પેટ્રોલપંપની બાજુમાં ખેતાન ટાવર સામે શાહીબાગ) તા.૨૩/૧૦/૨૦૨૫ સાંજના ૦૭/૪૫ વાગ્યાના સુમારે મણિભદ્ર મેડીકલ સ્ટોર સામે ઓટો રિક્ષાની રાહ જોઈ ઉભા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ મંજુલાબહેન શાહના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૭૫,૦૦૦/– ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મંજુલાબહેન શાહ એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વાય.ડી.રહેવર ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૫૦૬/૨૦૨૫**

વટવાઃ વટવા અંબુજા એવન્યુની બાજુમા પીકનીક પાર્ક ખાતે રહેતા સિતાબહેન વા/ઓ આકાશ પાલ (ઉ.વ.૨૨) (મુળ વતન. ગામ–નિનાવલી તા–કુઠૌન જી–ઝાલોન ઉત્તરપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૨૪/૧૦/૨૦૨૫ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે છતમાં લોખંડની પાઈપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રિયવનસિંહ ધીરજસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી